# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-12-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક  આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# Consumer Day Overall

દેશભરમાં આજે રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસની ઉજવણી થઈ રહી છે. અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ તથા નિયામક, ગ્રાહક બાબતોની કચેરી, ગાંધીનગર દ્વારા સુરેન્દ્રનગર જિલ્લામાં રાજ્યકક્ષાની ઉજવણી કરાશે.

રાજ્યનાં જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાનાં અધ્યક્ષસ્થાને આજે બપોરે પંડિત દીનદયાળ ઉપાધ્યાય ટાઉન હોલ ખાતે ગ્રાહક સુરક્ષા જાગૃતિ અંગેનો કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે સરકારના નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણા, સાંસદ ચંદુભાઈ શિહોરા, ધારાસભ્યો અને નગરપાલિકાનાં હોદ્દેદારો ઉપસ્થિત રહેશે.

દરમિયાન, ગઈકાલે અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ભામાશા સભાખંડ ખાતે ગ્રાહક અધિકાર દિવસની ઉજવણી દરમિયાન લોકોને ગ્રાહકોના અધિકારો અંગે માહિતી આપવામાં આવી. ઉપરાંત ગ્રાહકો સાથે થતી છેતરપિંડી અંગેની અરજી ક્યાં કરી શકાય તે અંગે માર્ગદર્શન અપાયું હતું. આ અંગે અરવલ્લી ગ્રાહક સુરક્ષા પરિષદના ડિરેક્ટર સિરાઝ મન્સુરીએ માહિતી આપી હતી.

**(બાઈટઃ સિરાઝ મન્સુરી, ડિરેક્ટર, ગ્રાહક સુરક્ષા પરિષદ, અરવલ્લી)**

-----------------------------------

# SUSASHAN GRAHAK NIRNAY

રાજ્ય સરકારે ઓક્ટોબરથી ડિસેમ્બર મહિનામાં વસૂલાત પાત્ર ફ્યૂઅલ સરચાર્જમાં 40 પૈસાનો ઘટાડો કરવાનો નિર્ણય કર્યો છે. ગાંધીનગરમાં પત્રકાર પરિષદને સંબોધતા ઊર્જા મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું કે, ઓક્ટોબરથી ડિસેમ્બરમાં ફ્યૂઅલ સરચાર્જનો દર 2.85 રૂપિયાથી ઘટાડીને 2.45 પ્રતિ યુનિટના દરની વસૂલાત કરાશે, જેના કારણે રાજ્યના અંદાજે એક કરોડ 75 લાખ ગ્રાહકોને લાભ થશે. બીજો સુધારો ન થાય ત્યાં સુધી આ ઘટાડો યથાવત્ રહેશે એમ પણ શ્રી દેસાઈએ ઉમેર્યું હતું.

------------------------------------

# MEHSANA SUSHASHAN PADYATA

દેશના પૂર્વ પ્રધાનમંત્રી અને ભારતરત્ન સ્વર્ગીય અટલ બિહારી વાજપેયીની 100મી જન્મજયંતિ નિમિત્તે મહેસાણાના વડનગરમાં આજે માય ભારત ‘સુશાસન દિવસ પદયાત્રા’ યોજાઈ ગઈ. કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આ પદયાત્રાનો પ્રારંભ કરાવતાં કહ્યું કે, વિકસિત ભારતમાં યુવાનોની ભાગીદારી હોવી જોઈએ. અત્યારે નવા ભારતનું નિર્માણ થઈ રહ્યું છે.

**(બાઈટઃ ડૉ. મનસુખ માંડવિયા, કેન્દ્રીય મંત્રી)**

-----------------------------------

## IMPORTANT ANNOUNCEMENT

### એક અગત્યની જાહેરાત

આજે રાષ્ટ્રીય ગ્રાહક દિવસ નિમિત્તે આકાશવાણી, અમદાવાદના પ્રાદેશિક સમાચાર વિભાગ દ્વારા ‘આજના સમયમાં ગ્રાહક સુરક્ષા’ વિષય પર વિશેષ ચર્ચા રજૂ કરવામાં આવશે. રાષ્ટ્રીય ગ્રાહક નિવારણ પંચનાં સભ્ય ભરત પંડ્યા અને આકાશવાણી અમદાવાદના સંવાદદાતા અપર્ણા ખુંટ વચ્ચેની આ ચર્ચા આજે રાત્રે 9-15 કલાકે પ્રસારિત કરવામાં આવશે.

-------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

## CABINET MEETING

ગાંધીનગરમાં આજે સાંજે મંત્રીમંડળની બેઠક યોજાશે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, આવતીકાલે સુશાસન દિવસની ઉજવણી અંગે આ બેઠકમાં સમીક્ષા કરાશે. ઉપરાંત મગફળીની ખરીદી, શિક્ષણોની જિલ્લાવાર ઘટ અંગે સર્જાયેલી સ્થિતિ અને રાજ્ય સરકારના આગામી આયોજનો તેમજ નીતિગત વિષયો અંગે પણ બેઠકમાં સમીક્ષા કરાશે.

-----------------------------------

## JAMNAGAR TOWN HALL

જામનગરનાં સાંસદ પૂનમબેન માડમનાં હસ્તે મહાનગરપાલિકા સંચાલિત મહાનગરપાલિકા નગરગૃહનું ઉદ્ઘાટન કરાયું છે. ચાર કરોડ રૂપિયાના ખર્ચે સમારકામ થયા બાદ આ નગરગૃહમાં સાઉન્ડપ્રુફ એરકન્ડિશન્ડ ઑડિટોરિયમ, મિની હૉલ, આર્ટ ગેલેરી અને આધુનિક સાઉન્ડ સિસ્ટમ, લાઈટિંગ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ પ્રસંગે એકાંકી નાટકની પણ પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

-----------------------------------